**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : જાગૃતિ વકીલ**

**ડીઇઓ : પ્રદીપ ચાવડા**

**તારીખ : 08-08-2024** **સમય : સાંજે 6.25 વાગ્યે**

---

## હર ઘર તિરંગા રાજ્ય-કચ્છ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગાંધીનગરના પોતાના નિવાસસ્થાનેથી ત્રિરંગો લહેરાવી "હર ઘર તિરંગા અભિયાન"નો પ્રારંભ કરાવ્યો છે.. રાજ્યમાં આજથી **15** ઓગસ્ટ સુધી આ અભિયાનની ઉજવણી કરાશે. મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં રાજકોટ, અમદાવાદ, સુરત અને વડોદરામાં તિરંગા યાત્રા યોજાશે.. રાજ્યમાં આ અભિયાન અંતર્ગત **40**થી **50** લાખ તિરંગાનું વિતરણ કરાશે.

આ વર્ષે "હર ઘર તિરંગા અભિયાન" અંતર્ગત રાજ્યભરમાં તિરંગા રેલી, તિરંગા યાત્રા, તિરંગા રન, તિરંગા કૉન્સર્ટ, તિરંગા કેનવાસ, તિરંગા શપથ, તિરંગા સેલ્ફી તેમ જ તિરંગા મેળા જેવા બહુવિધ કાર્યક્રમ યોજાશે.

**કચ્છ જિલ્લામાં આ અભિયાન અંતર્ગત તા.10થી 15 ઓગસ્ટ સુધી જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા દરેક શિક્ષકો, વિદ્યાર્થીઓ અને ગ્રામજનોને**

**તિરંગો લહેરાવી આ અભિયાનમાં જોડાવા જણાવામાં આવ્યું છે તે ઉપરાંત વિવિધ સ્પર્ધાઓનું આયોજન જિલ્લાની દરકે શાળાઓમાં કરવામાં આવે છે.**

**RNU અમદાવાદ / N.P.** જાગૃતિ વકીલ

------------------------------------------------------------------------

## પ્રભારીમંત્રી કલેટર બેઠક

પ્રભારીમંત્રીશ્રી પ્રફુલભાઇ પાનશેરિયાએ આજરોજ ભુજ કલેકટર કચેરી ખાતે વહીવટીતંત્ર સાથે સંકલન બેઠક યોજી કામગીરીની સમીક્ષા કરીકચ્છના ભૂકંપગ્રસ્તોના વણઉકેલ્યા તમામ પ્રશ્નોને પ્રથમ પ્રાધાન્ય આપી ઉકેલ લાવવાની પ્રતિબધ્ધતા દર્શાવી હતી.

ધારાસભ્યો તથા જનપ્રતિનિધિઓ દ્વારા મુકાયેલા વીજળી, પીવાના પાણી, ખેડુતોના પ્રશ્નો, રસ્તા, દબાણ સહિતના પ્રશ્નો ઉપર વહીવટીતંત્રને તત્કાલ કાર્યવાહી કરવા પ્રભારીમંત્રીએ  તાકીદ કરી. પ્રભારી સચિવશ્રી હર્ષદ પટેલ તથા કલેક્ટરશ્રી અમિત અરોરાએ રજૂ કરાયેલા પ્રશ્નો મુદે સંબંધિત વિભાગના અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી.

માહિતી ખાતુ

------------------------------------------------------------------------

## નાગપંચમી મેળો

વર્ષો જૂની રાજ પરંપરા મુજબ આવતીકાલે નાગપંચમી નિમિત્તે રાજ પરિવારમાંથી 20 જેટલા પ્રતિનિધિ પૂજન વિધિ માટે પ્રાગમહેલ-દરબાર ગઢથી ભુજિયા ડુંગર જવા પ્રયાણ કરશે. ભુજિયા ડુંગર ઉપર ભુજંગદેવ ખેતરપાળ દાદાના મંદિરે કચ્છ રાજવી પરિવારના મોભી પ્રીતિદેવીની સૂચનાનુસાર પૂજા અર્ચના કુંવર ઇન્દ્રજિતસિંહજી જાડેજાના હસ્તે સવારના 9.30 કલાકે કરાશે. ત્યારબાદ રાજપરંપરા મુજબ ભુજંગદેવના પૂજારી વાઘજીભાઈ સંજોટ કુંવરને તિલક કરશે. સર્વે જ્ઞાતિના લોકો ખેતરપાળ દાદાના દર્શન કરી ભુજંગદેવના આશીર્વાદ મેળવશે. આવતીકાલે ભુજિયાની તળેટીમાં મેળો યોજાશે જે સાથે શ્રાવણી મેળાઓનો પ્રારંભ થશે.

**N.P.** જાગૃતિ વકીલ

---

## અબડાસા દારૂ

કચ્છના અબડાસા તાલુકાના વડા મથક નલિયા વિસ્તારમાં આવેલા ચાંદરાઈ તળાવ સુધી પહોંચી ગયેલા રૂ.1 લાખ 51 હજાર 400ની કિંમતના અંગ્રેજી શરાબ અને બિયરના જથ્થાને પશ્ચિમ કચ્છ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ગત મોડી રાત્રિના સમયે બાતમીના આધારે ઝડપી પાડ્યો હતો. જોકે દારૂ મંગાવનાર આરોપી હાથ લાગ્યો ના હતો. આ અંગે નલિયા પોલીસ મથકે દારૂ મંગાવનાર આરોપી વિરુદ્ધ

પ્રોહીબિશનની કલમ તળે ગુનો નોંધવામાં આવતા સ્થાનિક પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

**N.P. જાગૃતિ વકીલ**

---------------------------------------------------------------------

## હાથશાળ દિવસ પ્રદર્શન

9 ઓગસ્ટ રાષ્ટ્રીય હાથશાળ દિવસ-૨૦૨૪ની ઉજવણીના ભાગરૂપે નાબાર્ડના ઉપક્રમે ભુજમાં રાજયકક્ષાના હેન્ડલુમ અને હેન્ડીક્રાફ્ટ પ્રદર્શનનું આયોજન કરાયું છે. આવતીકાલ તા.૯ ઓગસ્ટના સવારે ૧૦ કલાકે ભુજ હાટ ખાતે પ્રદર્શનને ખૂલ્લું મૂકવામાં આવશે. તા.૧૧ ઓગસ્ટ સુધી ચાલનાર ત્રિદિવસીય પ્રદર્શનમાં કચ્છ સહિત રાજ્યના હાથશાળ અને હસ્તકલાના કારીગરો દ્વારા તૈયાર કરવામાં આવેલ વિવિધ ચીજવસ્તુઓનું પ્રદર્શન કરવામાં આવશે. આ પ્રદર્શનનો લાભ લેવા અને હસ્તકલાના કારીગરોને પ્રોત્સાહિત કરવા કચ્છીજનોને અનુરોધ કરાયો છે.

**N.P. જાગૃતિ વકીલ**

---------------------------------------------------------------------

## સિંહ દિવસ-RSC

સિંહોના સંરક્ષણ અને મહત્વ વિશે જાગૃતિ લાવવા પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર ભુજ દ્વારા તા.10 મી ઓગસ્ટના સાંજે 4થી 6 દરમિયાન,

સિંહ દિવસની ઉજવણી કરવામાં આવશે જે અંતર્ગત ડોક્યુમેન્ટ્રી ફિલ્મ, સેલ્ફી વિથ લાયન વગેરે પ્રવૃત્તિઓ દ્વારા કરવામાં આવનાર છે.

**N.P. જાગૃતિ વકીલ**

---------------------------------------------------------------------

## હવામાન

આગામી પાંચ દિવસ સમગ્ર ગુજરાતમાં ભારે વરસાદ ન પડવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. રાજ્ય પરની ઓફ શોર ટ્રફ સિસ્ટમ હળવી થતાં સાર્વત્રિક રીતે હળવો વરસાદ વરસી શકે છે. પરંતુ ભારે વરસાદની શક્યતા આગામી પાંચ દિવસ માટે નહિવત રહેશે. સૌરાષ્ટ્ર સહિતના મોટાભાગના વિસ્તારોમાં એકધારા પડેલા વરસાદને કારણે ખેડૂતોને નિંદામણ સહિતના કામો અધુરા છે. આ વચ્ચે વરાપ નિકળતાં ખેડૂતોએ હાશકારો અનુભવ્યો છે. તો બીજી તરફ અમદાવાદ સહિત આસપાસના જિલ્લાઓમાં આજે છુટા-છવાયા હળવા વરસાદી ઝાપટા વરસી શકે છે, તેવી સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

**N.P. જાગૃતિ વકીલ**

---------------------------------------------------------------------

## તાલુકા સ્વાગત કાર્યક્રમ

ભુજ તાલુકાની જાહેરજનતા માટે તારીખ ૨૮મી ઓગસ્ટ ના રોજ 'તાલુકા સ્વાગત કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું છે. આથી ભુજ તાલુકાની જાહેરજનતાએ પોતાના લગતાં પશ્નોના નિરાકરણ માટે તારીખ ૧૫/૦૮/૨૦૨૪ સુધીમાં લેખિતમાં અરજી રૂબરૂ અથવા ટપાલથી મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, ભુજ ખાતે મોકલી આપવા મામલતદારની યાદીમાં જણાવ્યું છે.

માહિતી ખાતુ

---------------------------------------------------------------------------